નવી વર્ધિત પેન્શન યોજના (NPS) અંતર્ગત ફાળામાં ફેરફાર કરવા બાબત

ગુજરાત સરકાર

નાણા વિભાગ

ઠરાવ ક્રમાંકઃનપન/૧૦૨૦૧૧/ડી/૨૪૫/પી (પા.ફા.૧)

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:-૨૯.૦૨.૨૦૨૪

**સંદર્ભ:**

(૧) નાણા વિભાગનો તા.૨૯.૧૦.૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: નપન/૧૦૨૦૧૧/ડી/૨૪૫/પી (પા.ફા.૧)

**આમુખ :**

વિભાગના તા.૨૯.૧૦.૨૦૨૨ના સંદર્ભ હેઠળના ઠરાવથી નવી વર્ધિત પેન્શન યોજના (NPS) અંતર્ગત કર્મચારીના ફાળા તેમજ સરકારશ્રીના ફાળાની કરવામાં આવેલ જોગવાઈમાં ફેરફાર કરીને નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :**

નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ સંદર્ભ દર્શિત ઠરાવથી રાજ્ય સરકારના કર્મચારીઓના મૂળ પગાર + મોંઘવારી ભથ્થાના અનુક્રમે ૧૦%, ૧૨%, ૧૪% NPS ફાળા સામે સરકારશ્રી દ્વારા અનુક્રમે ૧૦%, ૧૨%, ૧૪% ફાળો જમા કરાવવાની જોગવાઈ કરવામાં આવેલ, જેમા ફેરફાર કરીને કર્મચારીના મૂળ પગાર + મોંઘવારી ભથ્થાના ૧૦% NPS ફાળા સામે સરકારશ્રીનો ૧૪% ફાળો જમા કરાવવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ ઠરાવ મુજબની કપાત કર્મચારીઓના માર્ચ-૨૦૨૪ના પગારથી (પેઈડ ઈન એપ્રીલ-૨૦૨૪) શરૂ કરવાની રહેશે.

નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ તા.૦૧.૦૪.૨૦૦૫ કે ત્યારબાદ નિયમિત નિમણૂક પામેલ રાજ્ય સરકાર/પંચાયત/ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓના કર્મચારી/ અધિકારીઓ કે જેઓના કાયમી પેન્શન ખાતા નંબર (PPAN) નિયામક, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર (નોડલ ઓફિસ) દ્વારા ફાળવવામાં આવે છે તેઓને આ જોગવાઇનો લાભ મળવાપાત્ર થશે.

જે સ્વાયત્ત સંસ્થાઓએ નાણા વિભાગની મંજૂરીથી નવી વર્ધિત પેન્શન યોજનાનો સ્વીકાર કરેલ છે તે સંસ્થાઓએ આ ઠરાવનો અમલ કરતા પહેલા નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

નાણા વિભાગના તા.૧૮.૦૩.૨૦૦૫ના ઠરાવથી લાગુ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના અને તેમાં વખતોવખત થયેલ અન્ય સુધારાઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભાવિતા રાઠોડ)
નાયબ સચિવ
નાણા વિભાગ

**નકલ રવાના:-**

- માન. રાજયપાલના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર

માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
માન. નાણા મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીઓના અંગત સચિવશ્રીઓ
સચિવાલયના સર્વે વિભાગો/તમામ ખાતાના વડાઓ/તમામ કચેરીના વડાઓ,

- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર

એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ
એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ-૧, ૨), અમદાવાદ/રાજકોટ
Pension Fund Regulatory and Development Authority (PFRDA), New Delhi
National Securities Depository Limited (NSDL), Mumbai
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર
નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર
સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીઓ
તમામ તિજોરી અધિકારીઓ/તમામ પેટા તિજોરી અધિકારીઓ
પગાર અને હિસાબી અધિકારીઓ, અમદાવાદ/ગાંધીનગર
સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
તમામ બોર્ડ/કોર્પોરેશન/નિગમો.
સિસ્ટમ મેનેજર, નાણા વિભાગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી માટે
સિલેકટ ફાઇલ પેન્શન સેલ શાખા
પત્ર દ્વારા